# આજથી મોદીની નેપાળ યાત્રા

## નેપાળના વડાપ્રધાન સુશીલ કોઈરાલાની સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે : સંરક્ષણ, સુરક્ષા, ઉર્જામાં કરારો પર હસ્તાક્ષર થશે

નવી દિલ્હી,તા. ૨

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેપાલની ઐતિહાસિક યાત્રા આવતીકાલતી શરૂ થઇ રહી છે. બે દિવસની આ યાત્રા દરમિયાન બન્ને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબુત કરવાની બાબતનો સમાવેશ થાય છે. પડોશી દેશો સાથે સારા સંબંધોને લઇને મોદી ઉત્સુક દેખાઇ રહ્યા છે. મિત્રતાના મજબુત રાજકીય સંદેશા સાથે બે દિવસની યાત્રા શરૂ કરવામાં આવનાર છે. ૧૭ વર્ષના લાંબા ગાળા બાદ નેપાલની ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ દ્વિપક્ષીય યાત્રા છે. અલબત્ત ભારતમાં નેપાલના વડાપ્રધાન અને અન્યો ભારતની મુલાકાતે આવતા રહ્યા છે. ૧૫ ઉચ્ચસ્તરીય પ્રતિનધીમંડળ બારતમાં આવી ચુક્યા છે. મોદી તોમની યાત્રા દરમિયાન નેપાલના વડાપ્રધાન સુશીલ કોઇરાલા સાથે વાતચીત કરશે. સાથે સાથે નેપાલની બંધારમીય સભાને પણ સંબોધન કરનાર છે. વડાપ્રધાન નેપાલના



પશુપતિનાથ મંદિરની મુલાકાત પણ લેનાર છે. તેઓ ખાસ પુજામાં સામેલ થઇ શકે છે. આ યાત્રા દરમિયાન ભારત આર્થિક સહાયતા જાહેર કરે તેવી શક્યતા છે. સાથે સાથે બંન્ને કેટલાક ક્ષેત્રોમાં સમજુતી પર હસ્તાક્ષર કરે તેવી વકી છે. જેમાં પાવર, અને કલ્ચરનો સમાવેશ થાય છે. મોદીની યાત્રા મહત્વપૂર્ણ છે. હાલમાં વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ નેપાલની યાત્રા કરી ચુક્યા છે.આ પ્રવાહ દર્શાવે છે કે પડોશી દેશોને મહત્વ આપવામાં આવી રહ્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે ૨૬મી મેના દિવસે વડાપ્રધાન તરીકેની મોદીની શપથમાં કોઇરાલા હાજર રહ્યા હતા. સંરક્ષાણ, સુરક્ષા, ટ્રેનિગ કવાયત અને કનેકટીવિટી જેવા ક્ષેત્રોમાં ભારત નેપાલની સાથે સંબંધ મજબુત કરવા માંગે છે. સામાન્ય નદીઓને લઇને પણ કેટલાક પ્રશ્ન છે. તમામની નજર મોદીની યાત્રા પર રહેશે. મોદી નેપાળને કઈ સહાયતા જાહેર કરે છે તેના પર નજર રહેશે.

## એનએસયુઆઈના કાર્યકરોએ કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહના આવાસની બહાર હિંસક દેખાવો કર્યા

નવી દિલ્હી,તા. ૨

યુપીએસસીની પરીક્ષાને લઈને વિવાદ અકબંધ રહ્યો છે. આજે એનએસયુઆઈના મોટી સંખ્યામાં કાર્યકરોએ કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહના આવાસની બહાર હિંસક દેખાવો કર્યા હતા અને સીસેટની પરીક્ષાને નાબુદ કરવાની માંગણી કરી હતી. ઉત્તર દિલ્હીના નહેરુવિહાર વિસ્તારમાં બુધવારના દિવસે પણ દેખાવો કરવામાં આવ્યા હતા. સિવિલ સર્વિસના ઉમેદવારો સામે પોલીસ પગલાને લઈને આજે જોરદાર દેખાવો કરાયા હતા. બુધવારના દિવસે સિવિલ સર્વિસના ઉમેદવારોએ દેખાવ કર્યા હતા ત્યારે પોલીસે તેમની સામે કાર્યવાહી કરી હતી આને લઈને આજે એનએસયુઆઈના કાર્યકરો લડાયક દેખાયા હતા. યુપીએસસી અને ભાજપના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર સામે દેખાવો કરાયા હતા. રાજનાથસિંહના આવાસની બહાર સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા અને દેખાવો શરૂ કર્યા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને દેખાવ અને દેખાવકારો સામે બળના ઉપયોગને વખોડી કાઢે છે.



દરમિયાન ઈજા થઈ હતી. ઘણાને કસ્ટડીમાં પણ લેવાયા છે. એનએસયુઆઈના પ્રવકતા અમરીષ પાંડેએ વિગત આપતા કહ્યું છે કે, અમે તરત જ વિદ્યાર્થીઓને છોડી મુકવાની અને બળજબરી કરનાર પોલીસ અધિકારીઓ સામે પગલા લેવાની માંગ કરીએ છીએ.

પાંડેએ કહ્યું હતું કે, એનએસયુઆઈ નિર્દોષ વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓ છેલ્લા ૨૫ દિવસથી દેખાવ કરી રહ્યા છે. પરંતુ સરકાર કોઈ પગલા લઈ રહી નથી. વિદ્યાર્થીઓના હિતમાં યુપીએસસી દ્વારા સીસેટની પરીક્ષા હવે રદ થવી જોઈએ. પોલીસે કેટલાક દેખાવકારોની હાલમાં જ ધરપકડ કરી હતી. સીસેટ-૧ અને સીસેટ-૨ તરીકે પેપર જાણિતા રહ્યા છે. બે ફરજિયાત પેપરો ૨૦૦-૨૦૦ માર્કના હોય છે.

## પહેલી જવાબદારી ગરીબ લોકો : મોદીની સ્પષ્ટ વાત

**વિશ્વ વેપાર સંગઠનની મંત્રણા નિષ્ફળ રહ્યા બાદ ભારત પર અમેરિકાના દોષારોપણ વચ્ચે વડાપ્રધાનની સ્પષ્ટતા**

નવી દિલ્હી,તા. ૨

વિશ્વ વેપાર સંગઠનની વાતચીતમાં નિષ્ફળતા બદલ અમેરિકા દ્વારા ભારત પર દોષારોપણ કરાયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાને સાફ શબ્દોમાં કહ્યું છે કે તેમની સરકારની પ્રથમ પ્રાથમિકતા દેશના ગરીબ લોકો છે. મોદીએ ડબલ્યુટીઓ હેઠળ વેપાર સુવિધા સમજુતીને લઈને ભારત અને અમેરિકા વચ્ચે મતભેદો પર ભારતના પ્રવાસે આવેલા અમેરિકાના વિદેશ પ્રધાન સમક્ષ આ મુજબની વાત કરી હતી. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે તેઓ બારતના નાના ખેડુતોને લઈને વધારે ચિંતિત છે. વેપાર સમજુતિ ભારત માટે સારી હોવા છતાં દેશના ગરીબ પ્રથમ જવાબદારી છે. અમેરિકાના વિદેશપ્રધાન જોન કેરીએ ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. ૭ રેસકોર્સ રોડ નિવાસસ્થાન સ્થિત વડાપ્રધાનના આવાસ ઉપર બંને નેતાઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ વાતચીત દરમિયાન દ્વિપક્ષીય વેપાર ઉપરાંત સંરક્ષણ સોદા વધારવા ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા થઈ હતી. બંને નેતાઓ વચ્ચે આતંકવાદની સમસ્યા અને અફઘાનિસ્તાનની વર્તમાન સ્થિતિ ઉપર પણ ચર્ચા થઈ હતી. મિટિંગ દરમિયાન પરમાણુ ઉર્જા સહકાર ઉપર પણ ચર્ચા થઈ હતી. મોદીની અમેરિકાની સૂચિત યાત્રાના મુદ્દે પણ ચર્ચા થઈ હતી. આ અગાઉ આજે સવારે કેરી પીએમ મોદીને મળવા ૭ આરસીઆર પહોંચ્યા હતા. મોદી વડાપ્રધાન બન્યા બાદ પ્રથમ વખત અમેરિકાનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ ભારતના પ્રવાસે છે.મોદીએ આક્રમક રીતે કેરી સમક્ષ ભારતનુ વલણ સ્પષ્ટ કર્યુ હતુ.

## બીજા બેંકોના એટીએમમાંથી માત્ર બે વખત ફ્રિમાં પૈસા ઉપાડી શકાશે

નવી દિલ્હી,તા. ૨

શહેરમાં રહેતા બચતખાતા ધારકોને હવે થર્ડપાર્ટી એટીએમમાંથી ટ્રાન્ઝેકશનને લઈને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. બીજા બેંકના એટીએમમાંથી વારંવાર પૈસા કાઢવાની બાબત હવે મોંઘી સાબિત



થશે. શહેરોમાં હવે બચતખાતા ધારકો બીજા બેંકોના એટીએમમાંથી મહિને મફતમાં માત્ર બે વખત જ પૈસા ઉપાડી શકશે. પહેલા આ સુવિધા મહિનામાં પાંચ વખતની હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ગ્રામીણ વિસ્તારમાં પહેલાવાળી સુવિધા જારી રાખવાનો આદેશ કર્યો છે. આરબીઆઈએ ગામોના એટીએમ ધારકોને આસપાસના એટીએમ મશીનો અંગે માહિતી આપવાની પણ સુચના આપી છે. હવે બીજા બેંકોના એટીએમમાંથી મહિનામાં બે વખતથી વધુ પૈસા ઉપાડવામાં આવે છે તો દરેક વખતે પૈસા ઉપાડવા ઉપર ૨૦ રૂપિયાનો વધારાનો વધારાનો ચાર્જ લાગશે. અત્રે ઉલ્લેખનીય છે કે, બેંકો લાંબા સમયથી માંગણી કરી રહી હતી કે, બીજા બેંકોના એટીએમમાંથી પૈસા ઉપાડવાની મર્યાદાને ઘટાડવામાં આવે. બેંકોની આ બાબતને ધ્યાનમાં લઈને આરબીઆઈએ આખરે આ નિર્ણય લીધો છે. બેંકોની એવી ઈચ્છા પણ હતી કે મફતમાં પાંચ વખત પૈસા ઉપાડ્યા બાદ આગામી ઉપાડ ઉપર જે ચાર્જ મુકવામાં આવે છે તેમાં પણ વધારો કરવામાં આવે. આ મામલામાં બેંકોની એવી દલીલ હતી કે, બીજી બેંકોના એટીએમનો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવે છે. એટીએમ ધારક વધુને વધુ પૈસા ઉપાડે છે આનાથી બેંકોને નુકશાન થાય છે. સિક્યોરિટીના નવા ધારાધોરણને ધ્યાનમાં લઈને આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શીકાના લીધે ખર્ચમાં વધારો થયો છે. હાલમાં નક્કી કરવામાં આવેલી મર્યાદાથી વધુ વખત બીજા બેંકના એટીએમમાંથી પૈસા ઉપાડવામાં આવે છે તો દરેક વખતે ૧૫ રૂપિયાનો ચાર્જ લાગે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૯માં બીજા બેંકોના એટીએમના ઉપયોગને સંપૂર્ણરીતે ફ્રી કરવાનો નિર્ણય લેવાયો હતો. મોડેથી બેંકોની રજુઆત બાદ આરબીઆઈએ મહિનામાં પાંચ વખત ફ્રિ પૈસા ઉપાડવાની સુવિધા નક્કી કરી હતી. હવે ફરી એકવાર આને લઈને નવી હિલાચલ હાથ ધરવામાં આવી છે. મહિનાના અંતે નવી વ્યવસ્થાને લઈને ચર્ચાનો દોર શરૂ થયો છે. ઈન્ડિયન બેંક એસોસીએશન દ્વારા તમામ એટીએમ ટ્રાન્ઝેક્શનમાં ફેરફાર કરવાની અગાઉ ભલામણ કરી હતી. આ ઉપરાંત આઈબીએ દ્વારા શ્રેણીબદ્ધ ફેરફાર કરવાના સૂચન પણ કરાયા હતા.

## પુણે હોનારતમાં મોતનો આંક વધીને ૭૭

પુણે,તા. ૨

પુણે નજીક વિશાળ ભેખડો ધસી પડતા સર્જાયેલી હોનારતમાં આજે સવારે મોતનો આંકડો વધીને ૭૭ ઉપર પહોંચી ગયો હતો.વધુ ૨૮ લોકોના મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. ભારે વરસાદના કારણે બચાવ અને રાહત કામગીરી આડે અડચણો આવી રહી છે.

નેશનલ ડિઝાસ્ટર રિલિફ ફોર્સે કહ્યું છે કે હજુ ૧૦૦ લોકો કાટમાળ હેઠળ છે. માર્યા ગયેલા લોકોમાં ૨૮ પુરૂષો, ૩૨ મહિલાઓ અને ૧૦ બાળકો છે. દરમિયાન મહારાષ્ટ્ર સરકારે માર્યા ગયેલા લોકોના પરિવારને પાંચ પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. બચાવ અને રાહત કામગીરી આજે જારી રહી હતી. ગામાં વસ્તી આશરે ૭૧૫ લોકોની છે. વિશાળ ભેખડ ધસી પડતા ૪૪ મકાનો દટાઈ ગયા હતા. નેશનલ ડિઝાસ્ટર



રિસ્પોન્સ ફોર્સના ૩૭૮ કર્મચારીઓ કામમાં લાગેલા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. એનડીઆએફના સૂત્રોનું કહેવું છે કે, વિશાળ ભેખડો ધસી પડવાના પરિણામ સ્વરુપે મહારાષ્ટ્રના પુણે નજીક ભીમાશંકરની પાસે આ બનાવ બન્યો હતો. આ વિસ્તારમાં માનવીય વસવાટની સુવિધા ઉભી કરવા વર્ષોથી હાથ ધરવામાં આવેલી ભેખડો દૂર કરવાની પ્રક્રિયાના કારણે આ વિશાળ જમીન ધસી પડી હતી. આઠ લોકોને બચાવી શકાયા છે. મોટી સંખ્યામાં લોકો ફસાયેલા છે. આસપાસના લોકો પણ બચાવ માટે પહોંચ્યા છે. ભારે વરસાદના કારણે રાહત કામગીરી આડે અડચણ આવી રહી છે. બચી ગયેલા લોકોને ઘાયલ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પુણેમાં જુલાઈ મહિનામાં રેકોર્ડ વરસાદ થયો છે. ભારે વરસાદના કારણે પાલઘર-મનોર માર્ગ ખાતે પુલ પણ ડુબી ગયા છે. બચાવ અને રાહત કામગીરી મોડે સુધી જારી રહી હતી. રાત્રિ ગાળા દરમિયાન બચાવ કામગીરી ધીમી કરી દેવામાં આવે છે. તમામ અતિ આધુનિક સાધનો અને કોમ્યુનિકેશન સેટ ઘટના સ્થળે પહોંચાડવામાં આવ્યા છે. તંત્રને પણ આના માટે સ્થાનિક લોકો દોષિત ગણી રહ્યા છે.

## મોંઘવારી ભથ્થામાં સાત ટકા વધારો થવાની વકી

નવી દિલ્હી, તા. ૨

કેન્દ્રીય કર્મચારીઓ માટે વધુ સારા દિવસ ટૂંકમાં જ આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. તેમના મોંઘવારી ભત્થા અથવા તો ડીએમાં સાત ટકાનો વધારો નક્કી કરવામાં આવી ચુક્યો છે. માત્ર વિધિવતરીતે જાહેરાત કરવાની જ બાકી રહી છે. ટૂંક સમયમાં જ વિધિવતરીતે જાહેરાત કરવામાં આવ્યા બાદ કર્મચારીઓને મોટી રાહત થશે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોની સાથે-સાથે કેન્દ્રીય કર્મચારીઓને પણ મોટી રાહત ટૂંકમાં જ થાય તેવા સંકેત છે. આ વધારો થયા બાદ કર્મચારીઓને જુલાઈ ૨૦૧૪થી કુલ ૧૦૭ ટકા ડીએ મળવાની શક્યતા દેખાઈ રહી છે. આનાથી કેન્દ્રના આશરે ૮૦ લાખ કર્મચારીઓ અને પેન્શનરોને સીધો લાભ થશે. કેન્દ્રમાં જાહેરાત કરવામાં આવ્યા બાદ રાજ્ય કર્મચારીઓ અને રાજકીય પેન્શનરોને પણ ફાયદો થઈ શકે છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સના આધાર ઉપર ડીએમાં સાત ટકાના વધારાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તહેવારોની શરૂઆત આડે હવે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે તહેવાર દરમિયાન જ કેન્દ્રીય કર્મચારીઓને મોટી ભેંટ મોદી સરકાર આપે તેવી શક્યતાઓ રહેલી છે.

## સમાચાર ઝલક

- રાયપુરમાં ફેકટરીમાં પ્રચંડ ધડાકાથી પાંચના મોત. ધડાકા બાદ અફડાતફડી થઈ.
- ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ સામે સોહરાબુદ્દીન કેસ અંગે નાર્કો ટેસ્ટની માંગણી કરાઈ.
- પાકિસ્તાનમાં કિક ફિલ્મ બતાવનારા સિનેમાઘરોમાં ગ્રેનેડથી હુમલો.
- અમેરિકાની કોર્ટમાં જજ તરીકે ભારતીયની પસંદગી.
- જુલાઈ મહિનામાં મુંબઈમાં રેકોર્ડ વરસાદ નોંધાયો : ૬૩ વર્ષમાં સૌથી વધુ વરસાદ.
- ઈઝરાયલના નવા હુમલા ગાઝાપટ્ટીમાં ચાલુ વધુ ૫૦ના મોત.
- ભૂજ નજીક એરફોર્સનું વિમાન તૂટી પડયું કોઈ જાન હાનિ થઈ નથી.
- એક અમેરિકન યુવતીએ 'ફેસબુક' ઉપર ૭ અબજ ડોલરનો દાવો કર્યો.
- મોબાઈલ કોલ દર ૮ થી ૯ ટકા વધશે. ડિસ્કાઉન્ટ ઓફર્સ બંધ થશે.
- શ્રીલંકાએ વડાપ્રધાન શ્રી મોદી અને મુખ્યપ્રધાન જયલલિતાની બીનશરતી માફી માંગી.
- ફોજદારી ન્યાય પ્રણાલીની રફતારથી સુપ્રીમ કોર્ટ ખફા.
- તા.૧૮મી ઓગષ્ટથી રાજયભરમાં તુમાર નિકાલ ઝુંબેશ શરૂ થશે.
- પેટ્રોલ-ડિઝલ પરનો 'સેસ' બમણો કરવા હિલચાલ.
- બનાવટી પાસપોર્ટ કેસમાં અબુ સાલેમની સજા યથાવત રાખતી સુપ્રીમ.
- વિમા વિધાયક બીલ મંજુર કરવા સામે એલઆઈસી મંગળવારથી આંદોલન કરશે.
- શ્રી વરૂણ ગાંધીને ભડકાઉ ભાષણ બદલ ફરીથી કોર્ટે નોટિસ ફટકારી.
- ગુજરાતમાં ૪૭ ટકા વરસાદ થયો.
- મોબાઈલ પરથી ૫૦૦ પ્રકારની સેવાઓ મળતી થશે.

## સિન્ડીકેટ બેંકના સીએમડી સામે આખરે કેસ દાખલ

નવી દિલ્હી,તા. ૨

સિન્ડીકેટ બેંકના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એસકે જૈન સામે લાંચનો કેસ સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવ્યો છે. એક અધિકારીએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, ચોક્કસ કંપનીઓને ક્રેડિટ સુવિધા લંબાવવા માટે લાંચની માંગ કરવાનો જૈન ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. સીબીઆઈના અધિકારીઓએ આજે કહ્યું હતું કે, દિલ્હી, મુંબઈ, બેંગલોર, ભોપાલ સહિત વિવિધ સ્થળો ઉપર એકસાથે દરોડા પાડવામાં આવ્યા છે. હજુ સુધી ૫૦ લાખની લાંચની રકમ મળી આવી છે. ચકાસણીની પ્રક્રિયા ચાલી રહી છે. સંપત્તિના દસ્તાવેજો અને અન્ય દસ્તાવેજોમાં પણ ચકાસણી કરવામાં આવી રહી છે.

સિન્ડીકેટ બેંકના સીએમડી સામે કેસ દાખલ કરવામાં આવ્યા બાદ કોર્પોરેટ જગતમાં અને બેંકીંગ ક્ષેત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. સીબીઆઈના અધિકારીઓ આજે સવારથી જ દરોડાની કામગીરી હાથ ધરી હતી. આ દરોડા દરમિયાન કેટલીક સંપત્તિ ક્યાંથી હાથ લાગી છે તે સંદર્ભમાં માહિતી અપાઈ નથી પરંતુ ગુપ્તરીતે સવારમાં જ દરોડાની કામગીરી એક સાથે શરૂ થઈ હતી.

## શ્રુતિ હસન સૌથી વધારે ટ્વિટર્સ ફોલોઅર્સ ધરાવે છે

મુંબઈ,તા. ૨

લોકપ્રિય સ્ટાર કમલ હાસનની પુત્રી શ્રુતિ હસનના ટ્વીટર્સ પર ચાહકો રેકોર્ડ ગતિએ વધી રહ્યા છે. વર્ષ ૨૦૦૯માં ટ્વીટર્સમાં સામેલ થયેલી શ્રુતિના આજે ૧.૨૨ મિલિયન ફોલોઅર્સ થઈ ચુક્યા છે. દક્ષિણ ભારતમાં સૌથી વધારે ફોલોઅર્સ ધરાવતી સેલિબ્રિટી તરીકે શ્રુતિ રહી છે. તે દક્ષિણ ભારતના તમામ લોકપ્રિય સ્ટારને પાછળ છોડી ચુકી છે. જેમાં મહાન અભિનેતા રજનિકાંત હાલમાં લોકપ્રિયતા મેળવનાર ધનુષનો સમાવેશ થાય છે. જિગરઠંડાના અભિનેતા સિદ્ધાર્થના ૧.૧૧ મિલિયન ફોલોઅર્સ છે. જ્યારે ધનુષના ૮૭૨૦૦૦ ફોલોઅર્સ છે. દક્ષિણ ભારતમાં જેમને ભગવાનની જેમ ગણવામાં આવે છે તે રજનિકાંતના ૭૬૨૦૦૦ ફોલાઅર્સ છે. શ્રુતિએ મોટી સંખ્યમાં તેના ફોલોઅર્સ ઉમેરાતા તમામનો આબાર માન્યો છે. શ્રુતિ માઈક્રો બ્લોગિંગ સાઈટ પર હવે છવાઈ ગઈ છે. શ્રુતિની એકપછી એક ફિલ્મો દક્ષિણ ભારતમાં રેકોર્ડ સફળતા મેળવી રહી છે. જેથી તે ટ્વીટર્સ પર પણ સૌથી લોકપ્રિય સ્ટાર તરીકે હવે ઉભરી છે. તમિળ અને તેલુગુમાં તેની પાસે અનેક ફિલ્મો હાથમાં છે. તેની પાસે કેટલાક હિન્દી પ્રોજેક્ટ પણ છે જેમાં અક્ષય કુમારની સાથે ગબ્બર, જહોન અબ્રાહમ સાથે વેલકમ બેક અને રોકી હેન્ડસમનો સમાવેશ થાય છે. જો કે તે સાઉથમાં સુપરસ્ટાર સ્ટાર ઉભરી રહી છે.

આવનાર દિવસોમાં આની ચર્ચા રહે તેમ માનવામાં આવે છે. શ્રુતિ પાસે હાલ બિલકુલ સમય નહીં હોવાની માહિતી મળી છે જેના પરિણામ સ્વરૂપે જે પોતાના પિતાની ફિલ્મમાં પણ કામ કરવા માટે સમય કાઢી શકતી નથી. દક્ષિણ ભારતની સાથે સાથે હિન્દી ફિલ્મોમાં પણ તેની બોલબાલા દેખાઈ રહી છે. નવી અભિનેત્રીઓમાં શ્રુતિ પણ કુશળ અભિનેત્રી તરીકે ઊભરી રહી છે. શ્રુતિનું કહેવું છે કે તે પોતાના પિતાની ફિલ્મમાં કામ કરી શકી નથી જેનું તેને દુઃખ છે પરંતુ તેના હાથમાં રહેલા પ્રોજેક્ટોને પૂર્ણ કરી રહી છે. શ્રુતિ હસને ભારતીય અભિનેત્રી તરીકે અને સંગીત કમ્પોઝર તરીકે સફળતા મેળવી છે. કમલ હસન અને સારિકાની પુત્રી શ્રુતિ હસન બાળ કલાકાર તરીકે ફિલ્મોમાં પ્રવેશી ગઈ હતી. શ્રુતિ એટલી લોકપ્રિય સાઉથમાં થઈ છે કે તેની ફિલ્મોની હવે રાહ જોવામાં આવી રહી છે. તેની એક ફિલ્મ દિવાલી પર રજૂ થશે.

## કૃત્રિમ ટેકનીકથી વિમાનમાં વિવિધ ખામી જાણી શકાશે

વોશિંગ્ટન, તા. ૨

વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે તેઓએ એક એવી ટેકનોલોજી વિકસિત કરી છે જેના કારણે વિમાનમાં ખામી થવાની સ્થિતિમાં માહિતી મળી શકશે. આ ગુપ્ત અને કૃતિમ ટેકનીકને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

સ્વીનબર્ન યુનિવર્સિટીના નિષ્ણાંતોની એક ટૂકડીએ દાવો કર્યો છે કે આ ટેકનોલોજી વિમાનોને વધારે સુરક્ષિત બનાવશે. વિમાનોના જુદા જુદા ભાગોમાં સુરક્ષા સંબંધિત ચકાસણીને વધુ આધુનિક બનાવશે. આ ઉપરાંત વિમાનના નિર્માણમાં ઉપયોગ થનાર કાર્બન ફાયબર જેવા મિક્સ મેટેરિયલ (કમ્પોઝિટ)ના સ્કેનના આંકડા મેળવી લઈને એક ઓટોમેટિક વ્યવસ્થા વિકસિત કરવામાં આવી રહી છે.

આ ટેકનીક મારફતે ખામીનું નિરીક્ષણ કરી શકાશે. આમા ખામીની નિરીક્ષણની પ્રક્રિયા વધુ ઝડપથી થશે અને ખામીઓને વહેલી તકે દૂર કરવામાં મદદ કરી શકાય છે. યુનિવર્સિટીના સરંક્ષણ વિભાગના સીઈઓ ડૉ. માર્ક હોઝે કહ્યું છે કે પ્રમાણિત કરવા માટે મિકસ્ડ મેટરિયલના સ્કેનનું નિરીક્ષણ કરનાર ટેકનોલોજીને લઈને હજુ અભ્યાસની પ્રવૃત્તિ ચાલી રહી છે.

## ચીનમાં ફેકટરીમાં બ્લાસ્ટ થયો : ૬૫ના ફુરચેફુરચા

બેઈજિંગ,તા. ૨

ચીનના જિંઅંગ્સુ પ્રાંતના કુન્શાન શહેરમાં સ્થિત એક ફેકટરીમાં પ્રચંડ બ્લાસ્ટ થતા આજે સવારે ઓછામાં ઓછા ૬૫ લોકોના મોત થઈ ગયા હતા અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ચીનના એક સરકારી ટેલિવીઝનના અહેવાલમાં જણાવવમાં આવ્યું છે કે શંઘાઈની નજીક કુન્શાહ શહેરમાં એક ફેકટરીમાં બ્લાસ્ટ થયો હતો. વિસ્ફોટના કારણોમાં તપાસ ચાલી રહી છે. ઘાયલ થયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં



આવ્યા છે. આ બ્લાસ્ટ સવારે ૭.૩૦ વાગે થયો હતો. પોલીસ વીલ હબ સાથે સબંધિત વિસ્તારમાં બ્લાસ્ટ થયા હતા. જે ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો હતો તે ફેકટરીમાં ૪૫૦ વર્કરો કામ કરી રહ્યા હતા. આ કંપની સાથે જનરલ મોટર્સ અને અમેરિકી અન્ય કંપનીઓ પણ જોડાયેલી છે. સીટી ટીવી મારફતે તપાસ કરવામાં આવી રહી છે. બ્લાસ્ટ થયો ત્યારે સાઈટ ખાતે ૨૦૦ વર્કરો કામ કરી રહ્યા હતા. ૪૦ના ઘટનાસ્થળે જ મોત થયા હતા. સ્ટેટ બ્રોડકાસ્ટરે વધુ વિગત આપતા કહ્યું છે કે બચાવ કામગીરી હજુ ાચાલી રહી છે. મોતના આંકડા અંગે પાકી માહિતી મળી શકી નથી. તાજેતરના દિવસોમાં વિશ્વના દેશોમાં વિસ્ફોટ અને અન્ય અનેક પ્રકારની ઘટના વધારે બની છે. તાઈવાનમાં ગઈકાલે શ્રેણીબદ્ધ ગેસ વિસ્ફોટતી હચમચી ઉઠ્યું હતુ. આ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા હતા અને ૨૭૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી હતી.ઓછામાં ઓછા પાંચ બ્લાસ્ટ થયા હતા. વિસ્ફોટથી કાઓસિઉંગ વિસ્તારમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. વિસ્ફોટકોના કારણે ઘટનાસ્થળે આગ લાગી ગઈ હતી. ચારેબાજુ ધુમાડા જોઈ શકાતા હતા. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આગ ખુબ વિનાશકારી હતી. પ્રચંડ બ્લાસ્ટના કારણે અનેક વાહનોને ભારે નુકસાન થયુ હતુ.